ગુજરાત પ્રદેશ ભાજપા
તા.૧૦ ઓક્ટોબર ૨૦૨૬
-------
કોંગ્રેસના સાંસદ દ્વારા JNUમાં વિદ્યાર્થીનીઓની જાતીય સતામણીના હીન કૃત્ય મામલે કોંગ્રેસની ચુપકીદી સામે આક્રોશ વ્યક્ત કરવા ભાજપા મહિલા મોરચાનું ગુજરાત કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય ધરણાં-પ્રદર્શન યોજાયું
-------
કોંગ્રેસના સાંસદના શરમજનક કૃત્ય પછી પણ મહિલાઓના હિતરક્ષક હોવાની મોટી મોટી વાતો કરતા રાહુલ ગાંધી, પ્રિયંકા વાડ્રા સહિત આખી કોંગ્રેસના મોઢા માથી એક શબ્દ પણ નથી નીકળી રહ્યો.·
- શ્રીમતી અંજુબેન વેકરિયા
-------
મહિલાઓના સન્માન અને સુરક્ષાનો મુદ્દો કોંગ્રેસ માટે માત્ર ભાષણો અને રાજકીય લાભ મેળવવાનું સાધન છે
- શ્રીમતી અંજુબેન વેકરિયા
-------
કોંગ્રેસ સાંસદના વિદ્યાર્થીનીઓની જાતીય સતામણીના હિનકક્ષાના કૃત્યને સખત શબ્દોમાં વખોડી સાંસદને કોંગ્રેસમાથી બરતરફ કરવા કોંગ્રેસને પડકાર ફેંકીએ છીએ
- શ્રીમતી અંજુબેન વેકરિયા
-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, કોંગ્રેસના સાંસદ અગોમચા બિમોલ અકોઇઝમ દ્વારા JNUમાં વિદ્યાર્થીનીઓની જાતીય સતામણી અને શારીરિક શોષણના ગંભીર મુદ્દે કોંગ્રેસના નેતાઓની ચુપકીદી સામે આક્રોશ વ્યક્ત કરવા આજે અમદાવાદના પાલડી સ્થિત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય 'રાજીવ ગાંધી ભવન' સામે ભાજપા મહિલા મોરચા દ્વારા ધરણાં-પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

આ ધરણા કાર્યક્રમમાં ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રીમતી વર્ષાબેન દોશી, રાજ્ય સરકારના મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા તથા મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા શ્રીમતી અંજુબેન વેકરિયા તથા મહિલા ધારાસભ્યોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત મહિલા મોરચાની

કાર્યકર્તા બહેનોએ કોંગ્રેસ અને રાહુલ ગાંધી સામે વિરોધ વ્યક્ત કરી મહિલાઓના સન્માનના મુદ્દે કોંગ્રેસની ભૂમિકા અંગે સવાલો ઉઠાવ્યા હતા.

આ મામલે પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા શ્રીમતી અંજુબેન વેકરિયાએ જણાવ્યું છે કે, કોંગ્રેસ મહિલા સન્માનની માત્ર વાતો કરે છે. તેના આચરણમાં ક્યાંય આ બાબત દેખાતી નથી. કોંગ્રેસના સાંસદના શરમજનક કૃત્ય પછી પણ મહિલાઓના હિતરક્ષક હોવાની મોટી મોટી વાતો કરતા રાહુલ ગાંધી, પ્રિયંકા વાડ્રા સહિત આખી કોંગ્રેસના મોઢા માથી એક શબ્દ પણ નથી નીકળી રહ્યો.

તેમણે કહ્યું કે, દુર્ભાગ્યપૂર્ણ બાબત છે કે, આ બાબતે રાહુલ ગાંધી સહિત આખી કોંગ્રેસ ચૂપ છે. મહિલાઓના સન્માન અને સુરક્ષાનો મુદ્દો કોંગ્રેસ માટે માત્ર ભાષણો અને રાજકીય લાભ મેળવવાનું સાધન છે. હમણાં દિલ્હી ખાતે પણ રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડ્રા દ્વારા મહિલા સુરક્ષાકર્મી ઉપર કરાયેલા હુમલા અને અભદ્ર વર્તનનું શરમજનક કૃત્ય આખા દેશે જોયું છે. કોંગ્રેસ સાંસદના વિદ્યાર્થીનીઓની જાતીય સતામણીના હિનકક્ષાના કૃત્યને સખત શબ્દોમાં વખોડી સાંસદને કોંગ્રેસમાથી બરતરફ કરવા કોંગ્રેસને પડકાર ફેંક્યો હતો. રાજ્ય સરકારના મંત્રી શ્રી દર્શનાબેન વાઘેલાએ પણ મીડિયા સાથેની વાતચીતમા કોંગ્રેસ સાંસદના કૃત્યની નિંદા કરી કોંગ્રેસના વલણ ઉપર સવાલ ઉઠાવ્યા હતા.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત